e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 76
Nov. 10, 2006

## "સબ નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" સુરત મહાનગરપાલિકા તા. ૧૨–૧૧–૨૦૦૬ થી તા. ૧૫–૧૧–૨૦૦૬ દરમ્યાન ૫ વર્ષ સુધીના ચાર લાખ સત્તાવન હજારથી વધુ બાળકોને પોલીયોની રસી પીવડાવશે



નાના બાળકોમાં થતી અને તેમને અપંગ બનાવતી બાળલકવા જેવી બિમારીને નાબુદ કરવા માટે ભારત સરકાર દ્વારા સને ૧૯૯૫–૧૯૯૬ના વર્ષથી બાળલકવા નાબુદી અભિયાન (આઈ.પી.પી.આઈ.) કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો ત્યારથી આ કાર્યક્રમ હેઠળ ૫ વર્ષની ઉંમર સુધીના તમામ બાળકોને પોલીયોની રસી દર વર્ષ નકકી કરેલા ચોકકસ દિવસો દરમ્યાન પીવડાવવામાં આવે છે. સને–૨૦૦૨ થી ઓકટોબર–૨૦૦૬ સુધી ભારત, ગુજરાતમાં નીચે જણાવ્યા પ્રમાણે પોલીયો વાઈલ્ડ પોઝીટીવ કેસો થવા પામેલ છે. જે પૈકી સુરત ખાતે એક પણ કેસ થવા પામેલ નથી.

વધુ માટે કલીક કરો >>>>>

## માહે ઓકટોબર ૨૦૦૬–૦૭ દરમ્યાન સ્મીમેર હોસ્પિટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ



સ્મીમેર હોસ્પિટલમાં ઓકટોબર માસ દરમ્યાન ૧૧૫૭૮ ઈન્ડોર તથા ૩૨૦૩૫ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૨૫૪ તથા ૨૯૦ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૪૧૨૬ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૨૦૧ અને જુના ૩૫૧ દર્દીઓ સહિત કુલ ૫૫૨ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૬૯૫ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફિઝીયોથેરાપી વિભાગમાં કુલ ૨૫૦ તથા આંખ વિભાગમાં ૧૬૯૧ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા.

વધુ માટે કલીક કરો >>>>>>

## સબ નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે કાર્યક્રમનો રાઉન્ડ તા. ૧૨–૧૧–૨૦૦૬ થી તા.૧૫–૧૧–૨૦૦૬ દરમ્યાન હાથ ધરવામાં આવનાર પોલીયો નાબૂદી અભિયાન અંગેના આયોજન / અમલીકરણ માટે સ્ટીયરીંગ કમિટિની મીટીંગ



તાજેતરમાં ગુજરાતમાં અમદાવાદ ખાતે પોલીયોનો(બાળલકવા) કેસ નોંધાયો હતો તે ધ્યાને રાખી ગુજરાત તથા અન્ય રાજયોમાં તા. ૧૨–૧૧–૨૦૦૬ થી તા. ૧૫–૧૧–૨૦૦૬ દરમ્યાન સબ નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમ્યાન ૦–૫ વર્ષ સુધીના બાળકોને આરોગ્ય કાર્યકરો પ્રથમ દિવસે નકકી કરવામાં આવેલ રસીકરણ બુથ ઉપર તથા બીજા, ત્રીજા અને ચોથા દિવસે ઘરે–ઘરે ફરી પોલીયોની રસી પીવડાવશે. કાર્યક્રમનાં સુવ્યવસ્થિત અમલ માટે તા. ૦૮–૧૧–૨૦૦૬ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાનાં સ્થાયી સમિતિ ખંડ ખાતે મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીના અધ્યક્ષ સ્થાને સ્ટીયરીંગ કમિટિની મીટીંગ રાખવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

# " સબ નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે "

# સુરત મહાનગરપાલિકા તા. ૧૨–૧૧–૨૦૦૬ થી તા. ૧૫–૧૧–૨૦૦૬ દરમ્યાન ૫ વર્ષ સુધીના ચાર લાખ સત્તાવન હજારથી વધુ બાળકોને પોલીયોની રસી પીવડાવશે

નાના બાળકોમાં થતી અને તેમને અપંગ બનાવતી બાળલકવા જેવી બિમારીને નાબુદ કરવા માટે ભારત સરકાર દ્વારા સને ૧૯૯૫–૧૯૯૬ના વર્ષથી બાળલકવા નાબુદી અભિયાન (આઈ.પી.પી.આઈ.) કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો ત્યારથી આ કાર્યક્રમ હેઠળ ૫ વર્ષની ઉંમર સુધીના તમામ બાળકોને પોલીયોની રસી દર વર્ષ નકકી કરેલા ચોકકસ દિવસો દરમ્યાન પીવડાવવામાં આવે છે. સને–૨૦૦૨ થી ઓકટોબર–૨૦૦૬ સુધી ભારત, ગુજરાતમાં નીચે જણાવ્યા પ્રમાણે પોલીયો વાઈલ્ડ પોઝીટીવ કેસો થવા પામેલ છે. જે પૈકી સુરત ખાતે એક પણ કેસ થવા પામેલ નથી.

| | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ | ૨૦૦૬ |
|---|---|---|---|---|---|
| **ભારત** | ૧૬૦૦ | ૨૨૫ | ૧૩૪ | ૬૬ | ૪૧૬ |
| **ગુજરાત** | ૨૪ | ૦૩ | – | ૦૧ | ૦૧ |
| **સુરત** | – | – | – | – | – |

**સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં બાળલકવાનો છેલ્લો પોઝીટીવ કેસ માહે, ફેબ્રુઆરી–૧૯૯૯માં નોંધાયો હતો, ત્યારબાદ આજ સુધી બાળલકવાનો એક પણ પોઝીટીવ કેસ જણાયો નથી.**

તાજેતરમાં અમદાવાદ કોર્પોરેશન વિસ્તારમાં પોલીયોનો વાઈલ્ડ વાયરસનો કેસ નોંધાવેલ હોઈ તેનાં અનુસંધાને સબ નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે કાર્યક્રમનો આગામી રાઉન્ડ તા. ૧૨–૧૧–૨૦૦૬ થી તા. ૧૫–૧૧–૨૦૦૬ દરમ્યાન હાથ ધરવામાં આવનાર છે.

સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં ૨૭ ડીસ્ટ્રીબ્યુશન સેન્ટરો (શહેરી આરોગ્ય કેન્દ્રો) પર આ માટે ૧૭૬૫ રસીકરણ કેન્દ્રો (બુથ) નકકી કરવામાં આવ્યા છે. કાર્યક્રમના પ્રથમ દિવસે રસીકરણ કેન્દ્ર પર તથા બીજા, ત્રીજા અને ચોથા દિવસે (સેન્ટ્રલ ઝોન સિવાય) આરોગ્ય કાર્યકરો ઘરે ઘરે ફરીને પાંચ વર્ષ સુધીની ઉંમરના બાળકોને પોલીયોની રસી પીવડાવશે. સમગ્ર કાર્યક્રમમાં ૫૫ મેડીકલ ઓફિસરો, ૩૫૦ સુપરવાઈઝરો, ૧૭૬૫ પેરામેડીકલ વર્કરો તથા ૩૫૩૦થી વધુ સહાયક કર્મચારીઓ મળી કુલ ૫૭૦૦થી વધુ કર્મચારીઓ ભાગ લેશે. કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ ઉપરાંત સ્મીમેર મેડીકલ કોલેજ, ગર્વનમેન્ટ મેડીકલ કોલેજ, હોમીયોપેથી, આયુર્વેદીક કોલેજના તબીબી સ્ટુડન્ટસ, લોખાત હોસ્પિટલના ડી.એમ.એલ.ટી., ફીઝીયોથેરાપી સ્ટુડન્ટસ, સુરત જનરલ હોસ્પિટલનાં નર્સ બહેનો, પી.એસ.એચ., આઈ.સી.ડી.એસ., યુ.સી.ડી.નાં કાર્યકરો, નિરવ મહિલા મંડળનાં બહેનો, વેસ્ટર્ન રેલ્વે (સુરત) સ્કાઉટની રોવર/રેન્જર ટીમ, નવસર્જન ટ્રસ્ટ, સેનેટરી ઈન્સ્પેકટર કોલેજના સ્ટુડન્ટસ તથા અન્ય સેવાભાવી સંસ્થાઓના સ્વયં–સેવકો કાર્યક્રમમાં સહભાગી થશે.

સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, માજી. મ્યુ. સદસ્યશ્રીઓ, સ્થાનિક કાર્યકરો, વર્તમાન પત્રના તંત્રીશ્રીઓ, સ્થાનિક ચેનલો, સિનેમા ગૃહો તથા સેવાભાવી સંસ્થાઓને કાર્યક્રમમાં સહભાગી થઈ અગાઉની જેમ સહકાર આપી આ રાષ્ટ્રીય કાર્યક્રમને સફળ બનાવવા માટે વિનંતી કરવામાં આવે છે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુનિસિપલ કમિશ્નરશ્રી પંકજ જોષીનાં આદેશાનુસાર ડેપ્યુટી કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) ડો. આઈ. સી. પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારીશ્રી ડો. હેમંત દેસાઈ ધ્વારા કરવામાં આવ્યું છે.

**નોંધ :– નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે આપના ૫ વર્ષ સુધીના તમામ બાળકોને તા. ૧૨–૧૧–૨૦૦૬ના રોજ આપના રહેઠાણ નજીકના રસીકરણ કેન્દ્ર પર પોલીયોની રસી અવશ્ય પીવડાવો. બાળકને સામાન્ય તાવ, શરદી કે ઝાડા જેવી બિમારી હોય તો પણ.**

TOP

## માહે ઓકટોબર ૨૦૦૬–૦૭ દરમ્યાન સ્મીમેર હોસ્પિટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પિટલમાં ઓકટોબર માસ દરમ્યાન ૧૧૫૭૮ ઈન્ડોર તથા ૩૨૦૩૫ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૨૫૪ તથા ૨૯૦ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૪૧૨૬ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૨૦૧ અને જુના ૩૫૧ દર્દીઓ સહિત કુલ ૫૫૨ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૬૯૫ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફિઝીયોથેરાપી વિભાગમાં કુલ ૨૫૦ તથા આંખ વિભાગમાં ૧૬૯૧ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૮૮૪૯ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ અને મધ્યમવર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.



TOP

# સબ નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે કાર્યક્રમનો રાઉન્ડ તા. ૧૨–૧૧–૨૦૦૬ થી તા.૧૫–૧૧–૨૦૦૬ દરમ્યાન હાથ ધરવામાં આવનાર પોલીયો નાબૂદી અભિયાન અંગેના આયોજન / અમલીકરણ માટે સ્ટીયરીંગ કમિટિની મીટીંગ

તાજેતરમાં ગુજરાતમાં અમદાવાદ ખાતે પોલીયોનો(બાળલકવા) કેસ નોંધાયો હતો તે ધ્યાને રાખી ગુજરાત તથા અન્ય રાજયોમાં તા. ૧૨–૧૧–૨૦૦૬ થી તા. ૧૫–૧૧–૨૦૦૬ દરમ્યાન સબ નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. **કાર્યક્રમ દરમ્યાન ૦–૫ વર્ષ સુધીના બાળકોને આરોગ્ય કાર્યકરો પ્રથમ દિવસે નકકી કરવામાં આવેલ રસીકરણ બુથ ઉપર તથા બીજા, ત્રીજા અને ચોથા દિવસે ઘરે–ઘરે ફરી પોલીયોની રસી પીવડાવશે.** કાર્યક્રમનાં સુવ્યવસ્થિત અમલ માટે તા. ૦૮–૧૧–૨૦૦૬ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાનાં સ્થાયી સમિતિ ખંડ ખાતે મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીના અધ્યક્ષ સ્થાને સ્ટીયરીંગ કમિટિની મીટીંગ રાખવામાં આવી હતી. જેમાં ડે. મેયરશ્રી ડો. સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાળા, વિરોધ પક્ષના નેતાશ્રી યોગેશભાઈ કાપડીયા, ૠણાલય સમિતિના અધ્યક્ષા શ્રીમતિ વર્ષાબેન રાણા, ન. પ્રા. શિ. સમિતિના અધ્યક્ષશ્રી રૂપીન પચ્ચીગર, મ્યુ. કમિશ્નરશ્રી પંકજ જોષી, ડે. કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો. આઈ. સી. પટેલ, આસી. કમિશ્નરશ્રી સી. વાય. ભટ્ટ, સર્વેલન્સ મેડીકલ ઓફિસર ડો. અનીશ સિંહા, ગુજરાત સરકારના સુરત ખાતેના ઓબ્ઝર્વર ડો. નરેશ બોઘરા, પ્રોફેસર એન્ડ હેડ (સ્મીમેર) ડો. બંસલ, એસો. પ્રોફેસર (પી.એસ.એમ.) ગર્વ. મેડીકલ કોલેજ, ન. પ્રા. શિ. સમિતિના ઉપશાસનાધિકારી, સુમુલ ડેરીનાં પ્રતિનિધિ, ઝોનલ ઓફિસરશ્રી લિંબાયત, ઉધના, વરાછા ઝોન તથા નાયબ/આસી. આરોગ્ય અધિકારી (તમામ) સી. ડી. પી. ઓ. (ઘટક–૧) વિગેરે હાજર રહયા હતા.




પ્રારંભે ડે. કમિશ્નર (હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો. આઈ. સી. પટેલે તેમના આવકાર પ્રવચનમાં કાર્યક્રમ અંગે પ્રાથમિક માહિતી આપી હતી તથા આમંત્રિતોનું સ્વાગત કર્યુ હતું. આ કાર્યક્રમ માટે ૧૭૬૫ ઈમ્યુનાઈઝેશન ટીમોનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરની જુદી જુદી સેવાભાવી સંસ્થાઓને સહભાગી થઈ અનુરોધ કર્યો હતો. બુથ ડે નાં દિવસે વધુ કવરેજ થાય તે માટે જે તે વિસ્તારનાં મ્યુ. સદસ્યશ્રીઓ/કાર્યકરોને પોતાનાં વિસ્તારમાં સહભાગી થઈ કાર્યક્રમને સફળ બનાવવા યોગદાન આપે તેવો અનુરોધ કર્યો હતો. સુરત મહાનગરપાલિકા ધ્વારા જરૂરી તમામ આયોજન કરવામાં આવેલ છે. કાર્યક્રમનો પ્રચાર–પ્રસાર વધુ થાય તે માટે વર્તમાન પત્રોમાં જાહેરાત, બીલ બોર્ડ, બેનર, પ્રચાર પત્રિકા, કઠપુતળીના કાર્યક્રમો, આકાશવાણી પર જાહેરાત, સિનેમા/સ્થાનિક ચેનલો મારફતે પ્રચાર કામગીરી કરવામાં આવે છે. સુરત રેલ્વે સ્ટેશન ખાતે કાર્યક્રમના દિવસોએ દિવસ અને રાત્રિ દરમ્યાન તથા મ્યુ. જકાતનાકા, બસ સ્ટેશન ઉપર દિવસ દરમ્યાન રસીકરણ બુથની વ્યવસ્થા કરવામાં આવી છે. શોપીંગ સેન્ટર, બગીચાઓ, ફુટપાથ, ટેમ્પરરી વસાહતો, માર્કેટ વિગેરે સ્થળોએ

મોબાઈલ ટીમ મારફતે કામગીરી કરાવવામાં આવશે. કાર્યક્રમનાં પ્રચાર–પ્રસાર થાય તે માટે પ્રચાર વાહનો, રીક્ષા, ડોર ટુ ડોર ગાર્બેજના વાહનો તથા મહાનગરપાલિકાના સફાઈ કામદારો પોતાના વિસ્તારમાં પોલીયોની રસી પીવડાવવા બાબતે પ્રચાર પત્રિકાનું વિતરણ કરશે.

વિશ્વ આરોગ્ય સંસ્થાના સર્વેલન્સ મેડીકલ ઓફિસરશ્રી ડો. અનીશ સિંહાએ સુરત મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી હતી અને સ્લમ વિસ્તાર તથા નવા બાંધકામનાં સ્થળોએ વધુ ધ્યાન આપવા તથા ટેલીફોન, મોબાઈલ્સ પર કાર્યક્રમ સંબંધી મેસેજ આપવા સુચન કર્યુ હતું.

મ્યુ. કમિશનરશ્રી પંકજ જોષીએ શહેરમાં બહારથી રોજગાર અર્થે આવતા નાગરિકોનું પ્રમાણ વધુ હોય, કોઈ બાળક પોલીયોની રસીથી વંચિત રહી ન જાય તે માટે વધુ સક્રિય તથા સઘન કામગીરી કરવા, શહેરનાં બોર્ડર વિસ્તારમાં જીલ્લા પંચાયતનાં સંકલનમાં રહી કામગીરી કરવા તથા ભવિષ્યમાં પોલીયોનો કેસ ન થાય તે અંગે તકેદારી રાખવા, કાર્યક્રમનો પ્રચાર–પ્રસાર વધુ થાય તે માટે આઈ. ઈ. સી. એકટીવીટી સઘન બનાવવા જણાવ્યું હતું. શહેરી વિસ્તારમાં તમામ પદાધિકારીશ્રીઓ, સદસ્યશ્રીઓ, એન.જી.ઓ., પ્રચાર માધ્યમ સાથે સંકળાયેલ પ્રતિનિધિઓ તથા નાગરિકોને સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવવા અનુરોધ કર્યો હતો.

ડે. મેયરશ્રી ડો. સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાળા, ઋગ્ણાલય સમિતિના અધ્યક્ષા શ્રીમતિ વર્ષાબેન રાણા તથા હાજર રહેલ એન. જી. ઓ. શ્રી ઓ એ પ્રસંગને અનુરૂપ સુચનો કર્યા હતા.

ન. પ્રા. શિ. સમિતિના અધ્યક્ષશ્રી રૂપીન પચ્ચીગરે ન. પ્રા. શિ. સમિતિની શાળાઓમાં મારફતે સ્થાનિક વિસ્તારમાં બાળકોની રેલી કાઢી પ્રચાર કરવા તથા શાળાઓમાં પ્રાર્થના સમયે કાર્યક્રમ અંગેની જાણ કરવામાં આવશે તેવું જણાવ્યું હતું.

મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીએ પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી ત્યારથી અત્યાર સુધીના બધા કાર્યક્રમ સુરત મહાનગરપાલિકા ધ્વારા સફળતાપૂર્વક પાર પાડવા બદલ સુરત મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી કાર્યક્રમમાં ભાગ લેનાર તમામને અભિનંદન આપ્યા હતા. શહેરની સેવાભાવી સંસ્થાઓને કાર્યક્રમમાં સામેલ કરવા સુચન કર્યુ હતું તથા કાર્યક્રમ સાથે સંકળાયેલ તમામને સહભાગી થઈ " પોલીયો મુકત " ભારતના સ્વપ્નને સાકાર કરવા જણાવ્યું હતું.

કાર્યક્રમને અંતે નાયબ આરોગ્ય અધિકારી ડો. વી. વી. પરમારે આભારવિધિ તથા તમામ નાગરિકોને સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવવા વિનંતી કરી હતી.

TOP